# નવસારી કૃષિ યુનિવર્સિટી
## <u>શરૂ અને નિલગીરીના ઉભા વૃક્ષોની જાહેર હરાજી</u>

આથી લાગતા વળગતા લાકડાના વેપારી અને રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, ખાતે શરુ નંગ ૧૧૦ તથા ફોરેસ્ટ્રી કોલેજ ખાતે નિલગીરીના ૭૪૩ ઉભા વૃક્ષો કાપી લઈ જવાનો ઈજારો ભાવપત્રકો મેળવી કરવાનો છે. રસ ધરાવતા ઈસમોએ બંને કેન્દ્ર ખાતે અલગ–અલગ ટેન્ડર ફોર્મના રૂા. ૫૦૦ (પાંચસો પુરા) રોકડા ભરી ટેન્ડર ફોર્મ મેળવી તેની સાથે ડીપોઝીટ પેટે રૂા. ૨૦,૦૦૦/– (વીસ હજાર પુરા) નો **"AAO, ACHF, NAU, Navsari"** ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ ભરી પોતાના ભાવ સીલબંધ કવરમાં (કવર ઉપર "શરુ માટેનું ભાવપત્રક" અથવા નિલગીરી માટેના ભાવપત્રક એમ સ્પષ્ટ લખવું) તા. ૨૯/૦૪/૨૦૧૭ ના બપોરના ૧૪:૦૦ કલાક સુધીમાં આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, એરૂ ચાર રસ્તા, નવસારીના સરનામે ટપાલ / કુરીયરથી પહોંચતા કરવાના રહેશે. ડીપોઝીટ વગરના ભાવપત્રકો માન્ય રાખવામાં આવશે નહી. આવેલ ભાવપત્રકો તા. ૦૧/૦૫/૨૦૧૭ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર ખાતે કમિટિ દ્વારા ઈજારદારોની હાજરીમાં ખોલવામાં આવશે. આવેલ ભાવ કમિટિને યોગ્ય ન લાગશે અને જરૂર જણાશે તો તે જ સમયે અને સ્થળે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે. ઈજારાની બોલી, શરતો અત્રેની કચેરીએથી અથવા www.nau.in પરથી જોવા મળશે.

# હરાજીની શરતો

૧. હરાજીમાં ભાગ લેનાર ઈસમે હરાજી શરૂ થતા પહેલા અનામત પેટે પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર અને ફોરેસ્ટ્રી કોલેજ ખાતે રૂા. ૨૦,૦૦૦/– નો ડીમાન્ડ ડ્રાફ્ટ અલગથી ભરવાના રહેશે. ડીમાન્ડ ડ્રાફ્ટ **"AAO, ACHF, NAU, Navsari"** ના નામનો કઢાવવાનો રહેશે. સદર અનામતની રકમ જે ઈસમોની માંગણી કે બોલી સ્વીકારવામાં કે માન્ય રાખવામાં નહી આવી હોય તેમને હરાજી પુર્ણ થયા બાદ ૧૦ થી ૧૫ દિવસ પછી ચેક દ્વારા પરત કરવામાં આવશે. જ્યારે જે ઈસમની માંગણી સ્વીકારવામાં કે મંજુર કરવામાં આવી હશે તેઓની અનામત પાછળની માલ ઉપાડવાની કામગીરી પુરી થયા બાદ પરત કરવામાં આવશે.

૨. બંને કેન્દ્ર ખાતે ટેન્ડર ફોર્મ રૂા. ૫૦૦ ભરી અલગથી લેવાના રહેશે. હરાજીમાં ભાગ લેનાર દરેક ઈસમે હરાજીની શરતો ઉપર સહી કરવાની રહેશે. સહી ન કરનાર ઈસમોને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહી અને બોલી સ્વીકારવામાં આવશે નહી.

૩. હરાજી નિયત કરેલ સ્થળ કે જગ્યાએથી કરવામાં આવશે. જેમનો ઈજારો મંજુર થાય તે ઈજારદારે સ્લીપ ઉપર અચુક સહી કરવી પડશે અને આવી માંગણી કે બોલી કોઈપણ જાતની ગણત્રી, ભુલચુક ગફલત, ખોટ ને કારણે પરત અથવા રદ બાતલ કરી શકશે નહી.

૪. હરાજીમાં માંગણી કરતા કે બોલી બોલતા સબંધીત ઈસમ કે ઈજારદારે જાતે માલ જોઈ તપાસી માલની ખાત્રી કરીને બોલી બોલવાની રહેશે. હરાજી ચાલુ થયા બાદ જે માંગણી કે બોલી બોલવામાં આવશે તે રૂબરૂ ખાત્રી કર્યા બાદ જ બોલવામાં આવે છે તેમ માની લેવામાં આવશે. એક હરાજી મંજુર થયા પછી માલની જાત કે માલના કમીપણા બદલની કોઈપણ તકરાર સાંભળવામાં આવશે નહી.

૫. જે કોઈપણ ઈસમ બીજા ઈસમ માટે તેની અવેજીમાં બોલી બોલવા કે હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા હશે તો તેમણે પોતાના નામની કોર્ટે પ્રમાણીત કરેલ પાવર ઓફ એર્ટની (મુખત્યાર) પત્ર આપવાનો રહેશે.

૬. હરાજી દરમ્યાન માંગણી કે બોલી માન્ય કે અમાન્ય રાખવી કે સ્વીકારવી કે ન સ્વીકારવાની સત્તા કમીટીની રહેશે. આમ છતાં જો કોઈ વિવાદ ઉભો થાય તો તેના નિર્ણયની આખરી સત્તા નીચે સહી કરનારની રહેશે. આ નિર્ણય બધાને બંધન કર્તા રહેશે.

૭. હરાજીની કોઈપણ માંગણી કે બોલી કોઈપણ કારણ આપ્યા સિવાય અમાન્ય કે નામંજુર કરવાની સત્તા નીચે સહી કરનારને અબાધીત રહેશે.

૮. ન્યાયની અદાલતમાં શિક્ષા પામેલા, નૈતિક અધઃપતનના ગૂન્હા સબંધમાં શિક્ષા પામેલા, બ્લેક લીસ્ટની યાદીમાં સમાવેશ થયેલા, નાદારી નોધાયેલ કે નાદાર જાહેર થયેલ અને ૧૮ વર્ષથી અંદરના ઈસમને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહી. આમ છતાં આવી જાણ માંગણી સ્વીકારાય બાદ કમીટીના કે નીચે સહી કરનારના ધ્યાનમાં આવશે તો તેવા ઈસમોની માંગણી રદ કરવામાં આવશે અને ઈસમની ડીપોઝીટની રકમ જપ્ત કરી નવસારી કૃષિ યુનિવર્સિટીમાં જમાં કરાવવામાં આવશે.

૯. ભાવપત્રકો મળ્યા બાદ કમીટીને જરૂરી લાગશે તો તેજ તારીખ અને સમયે જાહેર હરાજીથી સદરહું વૃક્ષોની બોલી બોલવાની કાર્યવાહી કરવામાં આવશે. જે અંગે કોઈ ઈસમનો વાંધો ગ્રાહય રાખવામાં આવશે નહી. હરાજી દરમ્યાન જે બોલી બોલવામાં આવશે તે બોલી સ્વીકારવી કે ન સ્વીકારવી તે બાબતની સત્તા કમીટીની રહેશે. આમ છતાં કોઈ વિવાદ ઉભો થાય તો તેનો આખરી નિર્ણય નીચે સહી કરનાર આપે તે છેવટનો ગણાશે અને તે બધાને બંધન કર્તા રહેશે.

૧૦. હરાજી બાદ તુરંતજ જેમની માંગણીઓ સ્વીકારવામાં આવી હશે તેમણે (ઈજારદારે) તેમની માંગણીઓની કુલ રકમના ૨૫ ટકા નાણાં તથા માલની કુલ કિંમતનો સેલટેક્ષ અને ધારાધોરણ મુજબના અન્ય ટેક્ષના નાણાં પણ ભરવાના રહેશે. બાકીની ૭૫ ટકા રકમ હરાજીની તારીખથી દિન ૧૫ માં અથવા માલ ઉપાડતા પહેલા, બે માંથી જે તારીખ વહેલી હશે તે તારીખે ભરવાના રહેશે.

૧૧. હરાજીમાં મુકવામાં આવેલ ઝાડ હરાજી રાખનાર ઈજારદારે જાતે પોતાના ખર્ચે જમીન લેવલથી કાપવાના રહેશે.

૧૨. ઈજારદારે સ્થળ પર કામ કરતા મજુરો માટે નિયમ પ્રમાણેની તમામ સવલતો જેવી કે પીવા માટે સ્વચ્છ પાણી, તબીબી સારવાર વિગેરે તેના ખર્ચે પુરી પાડવાની રહેશે. અકસ્માત વીમો તેમજ કામગીરીને કારણે નુકશાન થાય તે માટેની સઘળી કાયદાકીય વ્યવસ્થા ઈજારદારે કરવાની રહેશે.

૧૩. પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર હસ્તકના પ્લોટ નં. ડી–૮, ડી–૧૦ અને ડી–૧૨ ના શરૂના કુલ ૧૧૦ ઝાડો તેમજ ફોરેસ્ટ્રી કોલેજ કેમ્પસમાં આવેલ કુલ ૮૯ નિલગીરી ઝાડો મૂળ સાથે કાઢવાના રહેશે જ્યારે ફોરેસ્ટ્રી કોલેજ હસ્તકના બ્લોક બી–૨૨ માં આવેલ કુલ ૩૪૬ નિલગીરીના ઝાડો તેમજ ફોરેસ્ટ્રી કોલેજ કેમ્પસમાં આવેલ ૫૪ નિલગીરીના ઝાડો

થડ જમીનથી ૫" (ઈંચ) ઉપર રાખી કાપવાના રહેશ અને કાયપ્યા પછી સંશોધનના લગતા જે અવલોકન લેવાનું હશે તે લીધા પછી જ માલ લે જવાનું રહેશે.

૧૪. હરાજી રાખનાર ઈજારદાર કે તેના રાખેલ માણસો મારફત માલ કે ઝાડની કાપણી દરમ્યાન કોલેજ ફાર્મ કે યુનિ. ની સ્થાવર કે જંગમ અથવા અન્ય ઉભા પાકને નુકશાન થશે તો તેની જવાબદારી ઈજારદારની રહેશે અને નુકશાનીની રકમ ભરપાઈ કર્યા સિવાય માલ ઉપાડવા દેવામાં આવશે નહી.

૧૫. હરાજીમાં રાખેલ ઝાડોને કાપતી વખતે આજુબાજુથી પસાર થતી ઈલેકટ્રીક કે ટેલીફોન લાઈનને નુકશાન ન થાય તે રીતે કાપવાના રહેશે. આમ છતાં જો નુકશાની થશે તો તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે અને નુકશાની ભરપાઈ થાય બાદજ માલ ઉપાડવા દેવામાં આવશે. ઈલેકટ્રીકલ લાઈન છોડાવવા તથા બંધ કરાવવાની જવાબદારી ઈજારદારની રહેશે.

૧૬. અનિવાર્ય સંજોગોમાં હાજરી રાખનાર ઈજારદાર ઉપર જણાવેલ મુદત દરમ્યાન માલના નાણાં ભરપાઈ કરી શકશે નહી તો ૧૫ દિવસમાં બે વાર નોટીશ માલ ઉપાડવા માટે અપાશે જો ઈજારદાર આ ૧૫ દિવસમાં નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ જશે તો આ માલની હરાજી નીચે સહી કરનાર તેની સત્તાની રુએ ફરીથી કરાવશે. જે અંગે ઈજારદારનો હક્ક રહેશે. નહી.

૧૭. હરાજીમાં રાખેલ માલની સંપુર્ણ જવાબદારી હરાજી માન્ય થયાની તારીખથી ઈજારદારની રહેશે. હરાજીમાં રાખેલ માલની ચોરી, નાશ કે ગુમ થયા બદલ અથવા કુદરતી આફત, આગ કે અન્ય હોનારતને કારણે જે નુકશાન થાય તેની જવાબદારી આ સંસ્થાની રહેશે નહી. આ માટે ઈજારદાર પોતે જવાબદાર રહેશે.

૧૮. હરાજીમાં રાખેલ માલ / ઝાડ જે તે સ્થળેથી ઉપાડવાનો રહેશે અને સં.વૈ. અથવા મ.સં.વૈ. પાસેથી ગેટ પાસ મેળવી ફાર્મના મુખ્ય દરવાજેથી ગેટ પાસ બતાવી નિયત કરેલ રસ્તા પરથી માલ લઈ જવાનો રહેશે. ગેટ પાસ સિવાય વાહન બહાર નીકળવા દેવામાં આવશે નહી. આ માટે ઈજારદાર ગુનેગાર ગણાશે અને દંડને પાત્ર થશે. આવો દંડ નીચે સહી કરનાર નક્કી કરે તે ભરવાનો રહેશે.

૧૯. હરાજી થયા બાદ માલ કાપીને લઈ જવાની મુદત ૩૦ મે ૨૦૧૭ રહેશે. આ સમયબાદ મુદત લંબાવી આપવામાં આવશે નહી.

૨૦. હરાજી રાખનાર ઈસમ કે ઈજારદાર સંસ્થાની હદમાં માલને બીજા ઈસમના નામે ટ્રાન્સફર કરી શકશે નહી કે તેનો સબકોન્ટ્રાકટ આપી શકશે નહી.

૨૧. રાજ્ય સરકારશ્રીના ધારાધોરણ અનુસાર સેલટેક્ષ કે અન્ય સ્થાનિક વેરા અને આ અંગેના વેરાઓ અને કાયદાકાનુનો અનુસાર વર્તવાની જવાબદારી ઈજારદારની રહેશે. આ અંગે સંસ્થા જવાબદાર રહેશે નહી. પરંતુ ઈજારદારે આવા કલીયરન્સ સર્ટીફિકેટ બતાવવાના રહેશે.

૨૨. ઉપરોકત શરતોના અર્થ અને અમલ અંગે કોઈકવાર વિવાદાસ્પદ બાબતો ઉપસ્થિત થાય તો ઈજારદાર કોર્ટનો આશરો લઈ શકશે નહી, પણ આ અંગે નીચે સહી કરનારનો નિર્ણય કે ચુકાદો આખરી અને છેવટનો ગણાશે. આ ચુકાદો ઈજારદારને બંધનકર્તા રહેશે.

૨૩. હરાજી રાખનાર ઈસમોએ તેઓનું હાલ તેમજ કાયમી રહેઠાણનું સરનામું તેમજ ફોન નંબર આપવાનો રહેશે અને ટપાલ પરત આવશે તો તેમને અત્રેથી મોકલેલ સુચનાઓ મળી ગયેલ છે, તે માન્ય/ગ્રાહય રાખેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૨૪. હરાજીની શરતોને સંપુર્ણ સ્વસ્થ અને સભાન રીતે વાંચી છે, તેમજ વાંચી સંભળાવેલ છે, તે શરતો મને માન્ય છે અને તેનો ચુસ્ત પણે અમલ કરવા બંધાયેલ છું. જે માટે મારી સહી કરી સંમતી દર્શાવેલ છે.

૨૫. અર્નેસ્ટમની ડીપોઝીટ નીચે મુજબના કારણોસર જપ્ત કરવામાં આવશે (૧) ભાવ/બોલી આપ્યા પછીથી ભાવ / બોલી પાછી ખેંચશે તો (૨) ટેન્ડર શરતો અને નિયમો મુજબ અમલ નહી કરી શકે તો (૩) આર્ડરની પુરેપુરી કે અંશતઃ કામગીરી ન કરી શકે તો

૨૬. ટેન્ડર ફોર્મના નાણાં પરત મળશે નહી.

૨૭. ઈજારદારે પોતે રાખેલ કામદારોના નામ અને સરનામા જેતે કચેરીને આપવાના રહેશે.

આચાર્ય
અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

નવસારી
તારીખ: ૦૭/૦૪/૨૦૧૭

(S. A. Huse)

C:\Users\user\Desktop\Sharato.docx

Principal (Forestry)